દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬

# કેજરીવાલ અને સાથીઓ નિર્દોષ છુટતાં સીબીઆઈની કામગીરી ‘ફારસ’ પુરવાર થઈ છે

આખા દેશમાં ખૂબ ગાજેલા દિલ્હીની આપ સરકારના દિલ્હી લીકર પોલિસીના મામલામાં દિલ્હીની કોર્ટે અરવિંદ કેજરીવાલ અને મનિષ સિસોદીયા સહિત 23ને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કરતાં આખા દેશના રાજકારણમાં ભારે હલચલ મચી જવા પામી છે. કેન્દ્રની ભાજપ સરકાર અને તેના નેતાઓએ દિલ્હી લીકર પોલિસી મામલે કેજરીવાલની સરકાર પર અનેક માછલાઓ ધોયા હતા અને આખો કેસ સીબીઆઈ અને ઈડીને સોંપ્યો હતો. જેમાં સીબીઆઈ અને ઈડીએ આ કૌભાંડ શોધવાનો દાવો કરવાની સાથે સાથે એવા આરોપો લગાડ્યા હતા કે આ પોલિસીમાં જે માર્જિન 5 ટકાથી 12 ટકા કરાયું તેમાંથી 6 ટકા એટલે કે 100 કરોડની ઘૂસ આપ નેતાઓને મળી. લાંચ આપવામાં સાઉથ ગ્રુપ એટલે કે તેલંગાણાના પૂર્વ મુખ્યમંત્રી કેસીઆરના પુત્રી કે. કવિતા અને હૈદરાબાદના ઉદ્યોગપતિ શામેલ હતા. આ ફંડનો ઉપયોગ કરીને આપ ગોવા અને પંજાબની વિધાનસભાની ચૂંટણીઓ કરાવશે. એજન્સીઓએ દાવો કર્યો કે કેજરીવાલ મુખ્ય કાવતરા ખોર હતા. જે તે સમયે આ કેસએ દેશના રાજકારણમાં ભારે ખળભળાટ મચાવ્યો હતો. કેજરીવાલ અને સાથીઓ પર સીબીઆઈ તેમજ ઈડીએ કસેલા સકંજાને કારણે ભાજપને તેની પર આક્ષેપો કરવાની તક મળી હતી. ત્યાં સુધી કે આપના ટોચના નેતાઓ કેજરીવાલની સાથે સાથે મનિષ સિસોદીયા, સંજયસિંગ તેમજ કે.કવિતાની આ કેસમાં ધરપકડ પણ કરવામાં આવી હતી. કેજરીવાલની તો ત્યારે ધરપકડ કરાઈ હતી, જ્યારે તે મુખ્યમંત્રી હતા. કેજરીવાલે ધરપકડ થવા છતાં પણ પોતાનું મુખ્યમંત્રીનું પદ છોડ્યું નહોતું. આખરે ભાજપે દિલ્હીના ઈલેકશનમાં કેજરીવાલને હરાવીને જ દમ લીધો હતો. દિલ્હી લીકર પોલિસી તેમજ પોતાના બંગલામાં કરાયેલા ખર્ચના મામલે કેજરીવાલ પર થયેલા આક્ષેપોને કારણે કેજરીવાલે રાજકીય રીતે નેપથ્યમાં ધકેલાઈ જવું પડ્યું હતું. દિલ્હીમાં હાર બાદ કેજરીવાલ મોટાભાગે પંજાબમાં જ પ્રવાસ કરતાં હતાં. દિલ્હી લીકર પોલિસીએ જાણે આપ પાર્ટીનું ભવિષ્ય ધુંધળું બનાવી દીધું હતું. જોકે, હવે કેજરીવાલ તેમજ તેના સાથીઓને દિલ્હીની કોર્ટે નિર્દોષ જાહેર કરતાં આખો મામલો બદલાઈ જવા પામ્યો છે.

દિલ્હી કોર્ટે નિર્દોષ છોડતાં જ કેજરીવાલ અને તેમના સાથીઓ વિક્ટીમ કાર્ડ રમી રહ્યા છે. કેન્દ્ર સરકાર અને ભાજપની સાથે મોદી અને અમિત શાહ પર આક્ષેપો કરવાની કેજરીવાલને તક મળી ગઈ છે અને કેજરીવાલે તેનો ઉપયોગ પણ શરૂ કરી દીધો છે. નિર્દોષ છૂટ્યા બાદ દિલ્લીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પત્રકાર પરિષદ યોજી હતી અને કેન્દ્ર સરકારના ટોપ લીડર્સ પર આક્ષેપો વરસાવ્યા હતા. તેમણે કહ્યું, હવે ફક્ત હત્યા કરાવીને જ કેજરીવાલને કંટ્રોલ કરી શકો છો. દિલ્હીના 3 કરોડ લોકો મોદી અને શાહના કાવતરાનાં પરિણામો ભોગવી રહ્યા છે. કોર્ટે નિર્દોષ છોડતાં જ કેજરીવાલ ફુલ ફોર્મમાં આવી ગયા છે અને હવે પાછા રાજકીય રીતે વર્ચસ્વ જમાવવા માટે તૈયારીઓ કરી રહ્યા છે. દિલ્હી કોર્ટના ચુકાદાની સામે સીબીઆઈ દ્વારા દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરવાની જાહેરાત પણ કરી દેવામાં આવી છે પરંતુ નીચલી કોર્ટે નિર્દોષ છોડવાને કારણે કેજરીવાલને જાણે રાજકીય બુસ્ટર ડોઝ મળી ગયો છે. જ્યારે ભાજપને તેનું જ હથિયાર બુમરેંગ સાબિત થવા પામ્યું છે. કેજરીવાલ માટે આ ચુકાદો મોટી રાહત સમાન છે.

ભાજપનું એવું કહેવું હતું કે, સીબીઆઈ દ્વારા સ્વતંત્ર રીતે કામગીરી કરવામાં આવી છે. જ્યારે કેજરીવાલે નિર્દોષ છુટ્યા બાદ આક્ષેપો કર્યા છે કે ભાજપ દ્વારા સીબીઆઈનો ઉપયોગ રાજકીય હરીફોને પાડી દેવા માટે કરાઈ રહ્યો છે અને આ તેની સાબિતી છે. ભાજપ અને કેજરીવાલને આક્ષેપો રાજકારણ પ્રેરીત છે પરંતુ તે વાત સત્ય છે કે કેજરીવાલ નિર્દોષ છુટવાને કારણે સીબીઆઈની પ્રતિષ્ઠા તળિયે બેસી ગઈ છે. એક સમય હતો કે જ્યારે કોઈ કેસ સોલ્વ નહીં થાય તો એવું કહેવાતું હતું કે કેસ સીબીઆઈને સોંપી દો. પરંતુ કેજરીવાલના કેસમાં સીબીઆઈની કામગીરી તદ્દન વાહિયાત સાબિત થવા પામી છે. સીબીઆઈની તપાસમાં કે પુરાવામાં દમ હોત તો નીચલી કોર્ટે કેજરીવાલ અને તેના સાથીઓને નિર્દોષ છોડ્યા નહીં હોત. સીબીઆઈની કામગીરીને કારણે ભાજપે પણ નીચાજોણું થયું છે. અને ભાજપને કારણે સીબીઆઈને નીચાજોણું થયું છે. આ કેસમાં ભલે તમામે રાજકારણ રમ્યું હોય પણ એ વાત નક્કી છે કે આ પ્રકરણે દેશમાં સીબીઆઈની પ્રતિષ્ઠાને ભારે હાનિ પહોંચાડી છે.

# બે બાળકો બસ નથી! રાજસ્થાનમાં નવો નિયમ

ભારતની વસતી દુનિયામાં સૌથી વધુ દરે વધી રહી છે. ચીનથી પણ આપણે આગળ નીકળી રહ્યાં છીએ પણ બાળકો કેટલાં હોવાં જોઈએ એ મુદ્દે સરકારો અને સંતોનું વલણ બદલાઈ રહ્યું છે. રાજસ્થાન સહિત ઘણી સરકારોએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં બે બાળકોથી વધુ હોય તો ચૂંટણી લડી ના શકે એવો નિયમ દૂર કર્યો છે. સંતો તો કહેતા જ રહે છે, ખાસ કરીને હિંદુઓને કે બેથી વધુ સંતાન કરો.

રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં પંચાયતી રાજ અને નગરપાલિકા અધિનિયમમાં સુધારો કરવાની મંજૂરી આપવામાં આવી છે. ૩૦ વર્ષ જૂનો એટલે કે 1990ના દાયકાથી અમલમાં રહેલો આ નિયમ હવે દૂર કરવામાં આવ્યો છે. અગાઉ, 27 નવેમ્બર 1995 પછી જેમને ત્રીજું સંતાન હોય, તેઓ ચૂંટણી લડવા માટે અયોગ્ય ગણાતા હતા. સરકારનું કહેવું છે કે જ્યારે આ કાયદો બનાવાયો ત્યારે રાજસ્થાનમાં પ્રજનનદર 3.6 હતો, જે હવે ઘટીને 2 ની આસપાસ આવી ગયો છે. તેથી હવે આ નિયમની જરૂરિયાત ઓછી છે. આ ફેરફારથી એવા સક્ષમ ઉમેદવારોને તક મળશે જેઓ માત્ર બાળકોની સંખ્યાને કારણે અત્યાર સુધી ચૂંટણી લડી શકતા નહોતા.

ભારતનાં ઘણાં રાજ્યોએ પણ આ નિયમમાં ફેરફાર કરીને તેને રદ કરવાની દિશામાં પગલાં ભર્યાં છે. તેલંગાણા સરકારે પણ ફેબ્રુઆરી 2026 પહેલાં જ આ નિયમ નાબૂદ કર્યો છે. ત્યાં પણ પ્રજનનદરમાં ઘટાડાને કારણે આ નિર્ણય લેવાયો છે. આંધ્ર પ્રદેશ સરકારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બે બાળકોની મર્યાદાનો નિયમ સત્તાવાર રીતે દૂર કરી દીધો છે. મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ ઘટતી જતી વસતીવૃદ્ધિ દરને ધ્યાનમાં રાખીને વધુ બાળકો પેદા કરવા માટે પ્રોત્સાહન આપવાની પણ વાત કરી હતી.

જો કે, ગુજરાતમાં પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીમાં બે બાળકોનો નિયમ હજુ પણ અમલમાં છે. 2005 પછી ત્રીજું સંતાન હોય તેવી વ્યક્તિ ચૂંટણી લડી શકતી નથી. મહારાષ્ટ્રમાં પણ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં બે બાળકોની મર્યાદા લાગુ પડે છે. ઓડિશા અને છત્તીસગઢમાં પણ પંચાયતી રાજ સંસ્થાઓ માટે સમાન મર્યાદાઓ છે. હરિયાણામાં પણ ચૂંટણી લડવા માટે અમુક શરતો સાથે બાળકોની સંખ્યાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. જો કે, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ જેવાં રાજ્યોએ અગાઉ આ નિયમ લાગુ કર્યા હતા, પરંતુ પાછળથી તેમાં ફેરફાર કર્યા છે અથવા તેને અમુક અંશે હળવા કર્યા છે. દેશમાં પ્રજનનદર ઘટ્યો છે એ વાત સાચી પણ ચૂંટણી સાથે જોડાયેલો અને બે બાળકોનો કાયદો રદ કરવા પાછળનું લોજીક ગળે ઊતરે એવું નથી.

**હોમ સ્ટે : પ્રવાસનને પ્રોત્સાહન**

યુ.પી. સરકારે પ્રવાસનને પ્રોત્સાહન મળે એવો નિર્ણય લીધો છે. લખનઉ અને તેની આસપાસના વિસ્તારોમાં પ્રવાસન વિભાગે મોટી યોજના બનાવી છે. આ યોજના હેઠળ લખનઉ શહેરમાં અંદાજે 800 હોમસ્ટે તૈયાર કરવાનું લક્ષ્ય છે, જ્યારે સમગ્ર ડિવિઝનમાં 140 થી વધુ ગ્રામીણ હોમસ્ટે વિકસાવવામાં આવશે. જે લોકોના ઘરમાં વધારાના રૂમ ખાલી છે, તેઓ તેને પ્રવાસીઓને ભાડે આપીને વધારાની આવક મેળવી શકશે. આ નીતિના ફાયદા એ છે કે, પ્રવાસીઓને હોટલ કરતાં સસ્તું અને ઘર જેવું વાતાવરણ મળશે. મકાનમાલિકોને આર્થિક પ્રોત્સાહન અને સબસિડી પણ મળી શકે છે અને વીજળી, પાણીનાં બિલ રહેણાંકના દરે જ લેવામાં આવશે, વ્યાપારી દરે નહીં.

મોટા તહેવારો કે કાર્યક્રમો દરમિયાન હોટલો ફુલ થઈ જાય છે ત્યારે પ્રવાસીઓને રહેવાની તકલીફ ન પડે તે માટે આ નીતિ બનાવવામાં આવી છે. આનાથી સ્થાનિક લોકોને રોજગારી મળશે અને પ્રવાસનને વેગ મળશે. ભારતનાં મોટા ભાગનાં રાજ્યોમાં આવી વ્યવસ્થા અમલમાં છે. કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા ‘ઈનક્રેડિબલ ઈન્ડિયા’ યોજના હેઠળ આ માટેની માર્ગદર્શિકા પહેલેથી જ જાહેર કરવામાં આવી છે. ગુજરાતમાં પણ ‘ગુજરાત હોમસ્ટે પોલિસી’ કાર્યરત છે. ભારતમાં હોમસ્ટે મુદ્દે કેરળ અગ્રેસર છે. ત્યાં ‘ગોલ્ડ’, ‘સિલ્વર’ અને ‘ડાયમંડ’ એમ ત્રણ કેટેગરીમાં હોમસ્ટેનું વર્ગીકરણ કરવામાં આવે છે. ઉત્તરાખંડમાં ‘દીનદયાળ ઉપાધ્યાય હોમસ્ટે યોજના’ હેઠળ ગ્રામીણ લોકોને આર્થિક મદદ અને સબસિડી પણ આપવામાં આવે છે .રાસ્જથાન,ગોવા,સિક્કિમ,પંજાબ, મહારાષ્ટ્ર વિગેરે રાજ્યોમાં પણ

**રાજ્યોની વણઝાર**

**કૌશિક મહેતા**

> **ભારતનાં ઘણાં રાજ્યોએ પણ આ નિયમમાં ફેરફાર કરીને તેને રદ કરવાની દિશામાં પગલાં ભર્યાં છે. તેલંગાણા સરકારે પણ ફેબ્રુઆરી 2026 પહેલાં જ આ નિયમ નાબૂદ કર્યો છે. ત્યાં પણ પ્રજનનદરમાં ઘટાડાને કારણે આ નિર્ણય લેવાયો છે. આંધ્ર પ્રદેશ સરકારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બે બાળકોની મર્યાદાનો નિયમ સત્તાવાર રીતે દૂર કરી દીધો છે**

આવી નીતિ છે.

ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતાનગર) ની આસપાસ આ પ્રકારની હોમસ્ટે સુવિધા ખૂબ જ મોટા પાયે અને વ્યવસ્થિત રીતે શરૂ થઈ ગઈ છે. સરકારે એકતાનગર (કેવડિયા) અને તેની આસપાસનાં ગામો જેવાં કે ગરુડેશ્વર, રાજપીપળા અને વવદીમાં સેંકડો પરિવારોને હોમસ્ટે માટે રજિસ્ટ્રેશન કરાવવામાં મદદ કરી છે. આનાથી પ્રવાસીઓને સ્થાનિક આદિવાસી સંસ્કૃતિ અને ભોજનનો અનુભવ મળે છે અને સ્થાનિકોને સીધી આવક થાય છે. આ કઈ માનસિકતા છે?

રાજસ્થાનના ટૉંક-સવાઈ માધોપુરના પૂર્વ સાંસદ સુખબીરસિંહ જૌનાપુરિયા એક ગામમાં ધાબળા વહેંચી રહ્યા હતા. આ દરમિયાન જ્યારે તેમને ખબર પડી કે કેટલીક મહિલાઓ મુસ્લિમ છે, ત્યારે તેમણે તેમને આપેલા ધાબળા પાછા લઈ લીધા. આવી ઘટના વધી રહી છે એ કમનસીબી છે. મુસ્લિમ-દ્વેષ વધી રહ્યો છે અને હિંદુ-મુસ્લિમ એકતા તૂટી પડી છે. ઉક્ત ઘટના બની ત્યારે 60 વર્ષીય શકૂરનબાનુ, જેમની પાસેથી ધાબળો પાછો લેવામાં આવ્યો હતો, તેમણે આક્રોશ સાથે કહ્યું કે, ‘જો ધાબળો ન મળ્યો હોત તો પણ કોઈ વાંધો નહોતો, પણ વાત અહીં અપમાનની છે.’ આ ઘટનાથી માત્ર મુસ્લિમ પરિવારો જ નહીં, જો કે, ગામનાં લોકોએ જે વલણ અપનાવ્યું એ નોંધપાત્ર છે. ગામનાં હિન્દુ યુવાનો અને પાડોશીઓ પણ ભારે નારાજ છે. ગામના સરપંચના પતિ હનુમાન ચૌધરીએ જણાવ્યું કે, ‘હિન્દુઓ મુસ્લિમ ભાઈઓ કરતાં પણ વધુ ગુસ્સામાં છે. અમે બીજા દિવસે જૌનાપુરિયાનું પૂતળું પણ બાળ્યું હતું.’ ગ્રામજનોનું કહેવું છે કે ગામમાં વર્ષોથી ભાઈચારો છે અને જૌનાપુરિયાએ તેને તોડવાનો પ્રયાસ કર્યો છે. હિન્દુ યુવાનોએ પૂર્વ સાંસદને ત્યાં જ અટકાવ્યા હતા અને કહ્યું હતું કે લોકશાહીમાં બધા સમાન છે. પૂર્વ સાંસદ જૌનાપુરિયાનો બચાવ તો કર્યો પણ એ લૂલો હતો. ગામલોકોએ એમને બરાબર પાઠ ભણાવ્યો છે. કોઈને રાહત આપવાની હોય,સેવા કરવાની વાત હોય તો એમાં ભેદભાવ કઈ રીતે હોઈ શકે? કોંગ્રેસે આ ઘટનાની સખત નિંદા કરી છે અને ભાજપ પાસે જૌનાપુરિયાને પક્ષમાંથી હાંકી કાઢવાની માંગ કરી છે. નેતાના ભેદભાવભર્યા વર્તન સામે ગામનાં હિન્દુ-મુસ્લિમ એકતા સાથે ઊભા રહ્યાં છે એ વાત મુખર બનવી જોઈએ જેથી બીજી વાર કોઈ નેતા આવું વલણ ના દાખવે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## પાગલ કોણ?



નગરના ચોકમાં એક ઘટાદાર વૃક્ષ હતું, જેની શીતળ છાયામાં બેસીને મુસાફરો આરામ કરતાં, ગપસપ કરતાં અને પોતાનો થાક દૂર કરતાં. ગરમીની મોસમ હતી, ધરતી આકાશ તપી રહ્યાં હતાં. એક પાગલ ઝાડ નીચે લાંબો થઈ સૂતો હતો અને થોડી થોડી વારે કારણ વિના હસતો હતો. એ જ સમયે એક રૂવાબદાર વ્યક્તિ ઝાડ પાસે આવ્યો. તેણે પાગલને કહ્યું, ‘અહીંથી હટ, મારે શાંતિથી આરામ કરવો છે. દૂર જા.’ પાગલ માણસે કહ્યું, ‘આરામ કરવો છે તો અહીં બાજુમાં કરો, હું પણ આરામ કરી રહ્યો છું... હું શું કામ દૂર જાઉં?

રૂવાબદાર અધિકારીએ કહ્યું, ‘હું રાજકીય અધિકારી છું. બાજુના નગરમાંથી તમારા રાજાને મળવા આવ્યો છું. તમારા નગરનો અતિથિ છું. અહીં મને આરામ કરવા દેવાની તમારી ફરજ છે.’ પાગલ તો ઊભો થઈ હસતાં હસતાં બીજી તરફ જતો રહ્યો.

પેલા અધિકારીએ વૃક્ષની છાયામાં આરામ કરવા માટે લંબાવ્યું. થોડો સમય થયો હશે ને એક ભગવાધારી સંન્યાસી ત્યાં આવ્યા, ગરમીથી તેમના હાલ બેહાલ હતા. તેમણે લાંબા થઈને સૂતેલા પેલા અધિકારીને કહ્યું, ‘ભાઈ, જરાક ખસીને જગ્યા કરો તો હું પણ વૃક્ષની છાયામાં આરામ કરી મારો થાક દૂર કરી લઉં.’ અધિકારીને પોતાના આરામમાં ખલેલ પહોંચી તેનો ગુસ્સો આવ્યો અને વળી પોતાના પદનો રુવાબ હતો એટલે તેણે રૂઆબથી કહ્યું, ‘હું રાજકીય અતિથિ છું. બાજુના નગરમાંથી આ નગરના રાજાને મળવા આવ્યો છું. હું નહીં ખસું.’ સંન્યાસી તેનો રૂઆબ સાંખી શક્યા નહિ એટલે કડકાઈથી બોલ્યા, ‘તું રાજકીય અધિકારી છે અને જે રાજાને મળવા આવ્યો છે. હું એ જ રાજાનો રાજગુરુ છું એટલે વૃક્ષની છાયામાં બેસવાનો અધિકાર મને પહેલાં છે. બંને જણ વચ્ચે વિવાદ શરૂ થયો... બંને વિવેકભાન ભૂલી એકમેક સાથે કટુ વાણીમાં ઝઘડો કરવા લાગ્યા અને પોતાની મહત્તા સાબિત કરવા મંડી પડ્યા.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

બરાબર એ જ સમયે પાગલ ત્યાં આવ્યો અને જોર જોરથી હસવા લાગ્યો પછી બોલ્યો, ‘ વૃક્ષ તો પ્રકૃતિદત્ત છે. તેની પર તેની છાયામાં બેસવાનો બધાને અધિકાર છે. શું કામ પાગલોની જેમ લડો છો, સાથે મળીને વૃક્ષની છાયામાં બેસીને આરામ કરો. જે કામ ઝઘડવાથી નથી થતું તે પ્રેમથી થઈ જાય છે,ઝઘડો છોડી વૃક્ષની છાયામાં બેસો બંનેનો થાક દૂર થઈ જશે.’

આટલું બોલી પાગલ હસતો હસતો ચાલ્યો ગયો...પણ રાજગુરુ અને અધિકારી બંને જણ વિચારવા લાગ્યા કે ‘પાગલ કોણ આ કે આપણે?’

# એપસ્ટાઈન-ફાઈલ્સ: રાહુલ ગાંધી અને ઈન્ડિયા ગઠબંધન માટે પરીક્ષાની ઘડી

જેફરી એપસ્ટાઈન-ગેટના વિવાદે કોંગ્રેસે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારને સીધી રીતે ભીંસમાં લેવાની એક નવી તક આપી છે. વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કોઈ પણ ખંચકાટ વિના વડા પ્રધાન પર સીધા પ્રહારો કરવા માટે આ તકને ઝડપી લીધી હોય તેમ જણાય છે. સંસદમાં પણ આ મુદ્દાનો જોરશોરથી ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને સંસદની બહાર પણ તેની અસર જોવા મળી, જેમાં તાજેતરમાં ‘ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ-2026’ દરમિયાન ભારતીય યુવા કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યાં હતાં.

હવે આગળ શું? કોંગ્રેસ અને રાહુલ ગાંધી અહીંથી એપસ્ટાઈન-ગેટને ભારતીય સંદર્ભમાં દેશવ્યાપી મુદ્દો બનાવવા માટે કઈ દિશામાં જશે, જેથી શક્તિશાળી સત્તાધારી નેતૃત્વને હચમચાવી શકાય?

સૌ પ્રથમ, રાહુલ ગાંધીએ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે એપસ્ટાઈન જેવો મુદ્દો, જેણે વિશ્વના ઘણા દેશોમાં ભૂકંપ સર્જ્યો છે, તેના પર રાષ્ટ્રીય આંદોલન ઊભું કરવા માટે સંકલિત અને એકીકૃત કાર્યવાહીની જરૂર પડશે. એમાં કોઈ શંકા નથી કે રાહુલ ગાંધી અને તેમના ગણ્યાગાંઠ્યા સાથીઓએ બોલવાની હિંમત બતાવી પીએમ મોદીને ઘેરવાનો પ્રયાસ કર્યો છે, જ્યારે અન્ય લોકો માત્ર મૂક પ્રેક્ષક બનીને જોઈ રહ્યાં છે. આ મુદ્દાને પ્રબળ જાહેર ચર્ચા અને ચૂંટણી મુદ્દામાં ફેરવવા માટે માત્ર આઈસીસી કે પીસીસી હેડક્વાર્ટર બહાર છૂટાછવાયા વિરોધ પ્રદર્શનોથી કંઈ નહીં વળે.

કોંગ્રેસ હાલમાં બે બાબતોને કારણે મુંઝવણભરી સ્થિતિમાં છે, જે કોઈ પણ આંદોલનની દેશવ્યાપી સફળતા માટે અત્યંત મહત્ત્વની છે. પ્રથમ તો કોંગ્રેસનું સંગઠનાત્મક માળખું છે, જે તાત્કાલિક સુધારા અને મરામતની માંગ કરી રહ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે આટલા તાકીદના મુદ્દા પર રાહુલ ગાંધીનું ધ્યાન ગયું નથી, કારણ કે પાર્ટીમાં તેમની મંજૂરી વિના કંઈ થતું નથી. સંગઠનને પુનર્જીવિત કરવા, પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારાંઓને રોકવા અને બિન-પ્રદર્શનકારી નેતાઓને દૂર કરવા માટે કડક નિર્ણયોનો અભાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે.

રાહુલ ગાંધી ક્યારેક ભાજપના ‘સ્લીપર સેલ’ વિશે જે રીતે બળાપો કાઢે છે (જેમ કે તેમણે મહિનાઓ પહેલાં ગુજરાતમાં કર્યું હતું), તેનાથી માત્ર થોડી વાર માટે હેડલાઈન્સ મળે છે. તેની પાછળ કોઈ નક્કર કાર્યવાહી કે યોજના દેખાતી નથી. રાહુલ ગાંધીના શબ્દો અને તેમનાં કાર્યો વચ્ચે તાલમેળ હોવો જોઈએ.

**રાજધાનીના અંતરંગ**

**અનિલ આનંદ**

> **એક માત્ર રાષ્ટ્રીય પાર્ટી હોવાને નાતે કોંગ્રેસ અને રાહુલ ગાંધીએ આ મોરચાનું નેતૃત્વ લેવા માટે સક્રિય અભિગમ અપનાવવો જોઈતો હતો, જે થયું નથી**

નહીંતર ગુજરાત જેવી સ્થિતિ સર્જાશે, જ્યાં ભાજપના જાસૂસોને હટાવવાની જાહેર બૂમો પાડવા છતાં એક પણ વ્યક્તિને સ્પર્શ કરવામાં આવ્યો નથી. વાસ્તવમાં આ નિષ્ક્રિયતાએ અન્ય રાજ્યોના નેતાઓને પણ ભાજપના હિતમાં કામ કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

મજબૂત સંગઠન વિના રાષ્ટ્રીય સ્તરે કોઈ આંદોલન કેવી રીતે સફળ થઈ શકે? એવું નથી કે કોંગ્રેસ પાસે કાર્યકરો નથી; દેશના ખૂણેખૂણે તેની પાસે માળખું અને અનુયાયીઓ છે. પરંતુ તમામ સ્તરના નેતાઓની ઉદાસીનતાને કારણે આ બધું નિષ્ક્રિય પડ્યું છે. અસલામતીથી ઘેરાયેલા મોટા ભાગના નેતાઓ પક્ષમાં પોતાના હરીફોને પછાડવામાં અથવા લોકપ્રિય અને સમર્પિત વ્યક્તિઓને પક્ષમાં આવતાં રોકવામાં પોતાનો સમય વેડફી રહ્યા છે. હાઈકમાન્ડની અનિર્ણાયકતાએ આ વ્યવસ્થાને વધુ નબળી પાડી છે.

રાહુલ ગાંધીએ સમયાંતરે ભાજપ સરકારને ખુલ્લી પાડવા માટે ‘ભારત જોડો યાત્રા’ જેવી ક્રાંતિકારી પહેલ કરી છે. તેનાથી લોકો સાથે સીધો સંપર્ક સ્થાપિત થયો અને જનતામાં ચર્ચા પણ જાગી. જો કે, આ સંદેશને આગળ વધારવા માટે કોઈ મજબૂત સંગઠનાત્મક માળખું કે ફોલો-અપ પ્લાન ન હોવાથી, તે બધું જ ધીમે-ધીમે ઠંડુ પડી ગયું છે.

બીજું મહત્ત્વનું પાસું I.N.D.I.A ગઠબંધનની વર્તમાન સ્થિતિ છે. ભૂતકાળમાં એવા અનેક પ્રસંગો આવ્યા જ્યારે વિપક્ષોએ એક થઈને મોદી સરકાર વિરુદ્ધ મોરચો માંડવો જોઈતો હતો, પરંતુ એકતાના અભાવે તે તકો વેડફાઈ ગઈ. એપસ્ટાઈન-ગેટ જેવા મુદ્દે આખા ગઠબંધને એક થવાની જરૂર છે, પરંતુ અફસોસ કે લાંબા સમયથી ગઠબંધનના સાથી પક્ષોની કોઈ બેઠક જ થઈ નથી. દેશવ્યાપી હાજરી ધરાવતી એકમાત્ર રાષ્ટ્રીય પાર્ટી હોવાને નાતે કોંગ્રેસ અને રાહુલ ગાંધીએ આ મોરચાનું નેતૃત્વ લેવા માટે સક્રિય અભિગમ અપનાવવો જોઈતો હતો, જે થયો નથી.

પરિણામ સ્વરૂપે, કોંગ્રેસની નબળાઈને કારણે એવી છાપ ઊભી થઈ છે કે I.N.D.I.A બ્લોકનું નેતૃત્વ કોઈ પણ લઈ શકે છે. પશ્ચિમ બંગાળનાં સીએમ મમતા બેનર્જી અને તમિલનાડુના સીએમ એમ.કે. સ્ટાલિન જેવા પ્રાદેશિક નેતાઓ પોતાના મજબૂત સંગઠન સાથે આગળ વધી રહ્યાં છે, ત્યારે ગઠબંધનના સાથીઓ હવે આ નેતાઓમાંથી કોઈ એકને નેતૃત્વ સોંપવાની વાતો કરવા લાગ્યા છે.

આ પરિસ્થિતિના મૂળમાં કોંગ્રેસની આંતરિક સંગઠનાત્મક નબળાઈ અને નેતૃત્વની કડક નિર્ણયો લેવાની અનિચ્છા છે. ઉપરાંત, કોંગ્રેસના કેટલાક નેતાઓ દ્વારા સાથી પક્ષો (જેમ કે મમતા કે સ્ટાલિન) પર કરાતી ટીકાઓએ ગઠબંધનને વધુ નુકસાન પહોંચાડ્યું છે. બીજી તરફ, મમતા બેનર્જી, ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર જેવા નેતાઓ પણ પોતાના અહમ અને મહત્ત્વાકાંક્ષાને કારણે દરેક બહાને કોંગ્રેસ અને રાહુલ ગાંધીને નિશાન બનાવી ગઠબંધનને નબળું પાડવા માટે જવાબદાર છે.

રાહુલ ગાંધીએ લોકોના પાયાના મુદ્દાઓ પર તેમની સાથે જોડાવા માટે પોતાના વ્યક્તિગત પ્રયાસો ચાલુ રાખવા જોઈએ. ભારત જોડો યાત્રાથી લઈને સમાજનાં વિવિધ જૂથો સાથેની તેમની વાતચીત એ જનતા સાથે જોડાવાનો એક નવતર અભિગમ છે. તેમનું મળતાવડું વ્યક્તિત્વ સામાન્ય માણસ સાથે ભળી જવામાં મદદરૂપ થાય છે. પરંતુ આ તમામ પ્રયત્નોને ટકાવી રાખવા માટે તમામ સ્તરે સમર્પિત નેતાઓ સાથેનું મજબૂત સંગઠન જ વધારાનું બળ પૂરું પાડી શકશે.

જેફરી એપસ્ટાઈન-ગેટ એ રાહુલ ગાંધી માટે વિલંબ કર્યા વિના પોતાના પક્ષને વ્યવસ્થિત કરવાની વધુ એક તક છે. સંગઠનાત્મક શક્તિના આધારે જ તેઓ પક્ષની આંતરિક નબળાઈઓ દૂર કરી શકશે અને કોંગ્રેસ તથા તેમના નેતૃત્વ સામે સવાલ ઉઠાવતાં સાથી પક્ષોને શાંત કરી શકશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ઉપેક્ષા અને અપેક્ષા બેઉ દુઃખદાયક છે

સામાજિક પ્રાણી હોવાના નાતે પ્રત્યેક મનુષ્ય ઓછા વધતા અંશે ક્યાંક ને ક્યાંક.. કોઈ ને કોઈ બાબતે ઘર, પરિવાર, સમાજ, મિત્રવર્ગ તરફથી સાહજિક રીતે પ્રસંગોચિત વક્તવ્ય કે, સમ્માનની આપ-લે વેળા, મનોમન સામા પક્ષેથી બની શકે છે કે, ઉપેક્ષિત પણ થાય અને બની શકે કે અપેક્ષિત પણ થઈ જાય, આવા સામાજિક મેળાવડા કે સમૂહ વચ્ચે જનમેદની મધ્યે માણસજાતને જે જાત અનુભવ થાય એમાં એમની હાજરીની ઉપેક્ષા થાય કે પછી પોતે મનમાં રાખેલી વાતોને કે, પોતાની અપેક્ષા મુજબ વાદ-સંવાદના અંતે પરિણામ ધાર્યા કરતાં વિપરીત જાણવા કે સાંભળવા મળે ત્યારે નિઃશંક મનોમન દુઃખ અનુભવાય. આથી જ દરેક પુખ્ત માણસજાત એમના જીવનમાંથી, અનુભવોના ભાથામાંથી કાયમી ધોરણે ઉપેક્ષા અને અપેક્ષાને તિલાંજલિ આપશે તો બેશક નિજાનંદ ભોગવે. દરેક ધર્મ જાતિના જ્ઞાનપિપાસુનાં સત્રો અને પુસ્તકોના સારાંશ પણ..તું તારું કર્મ કર્યે જા..ફળની ઈચ્છા વગર.

**સુરત - પંકજ શાંતિલાલ મહેતા**

## પહેલી માર્ચનો મહિમા

પહેલી માર્ચને વિશ્વ નાગરિક સુરક્ષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવા પાછળનો મુખ્ય આશય લોકોમાં નાગરિક સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવાનો છે. ઈન્ટરનેશનલ સિવિલ ડિફેન્સ ઓર્ગેનાઈઝેશન દ્વારા આ દિવસની ઉજવણી કરવાની શરૂઆત કરવામાં આવી હતી.નાગરિક સુરક્ષા આપત્તિ અને આકસ્મિક પરિસ્થિતિઓમાં લોકોની સુરક્ષા માટે કાર્ય કરે છે.આ દિવસ લોકોમાં આપત્તિ સમયે તૈયાર રહેવાની ભાવના વિકસાવે છે.લોકોને ભૂકંપ, આગ,પૂર અને અન્ય આપત્તિઓથી બચવા માટે તાલીમ આપવામાં આવે છે.સરકાર અને વિવિધ સંસ્થાઓ આ દિવસે કાર્યક્રમો અને રેલીઓનું આયોજન કરી સમાજમાં જાગરૂકતા લાવવાનો પ્રયત્ન કરે છે.સાથે સાથે વિદ્યાર્થીઓને પણ આ સુરક્ષા નિયમો વિશે માહિતગાર કરવામાં આવે છે. નાગરિક સુરક્ષા સેવાઓ સમાજમાં શાંતિ અને સલામતી જાળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.આ દિવસ આપણને આપત્તિ સમયે સમજદારી અને હિંમતથી કામ લેવા માટે પ્રેરણા આપે છે. વિશ્વ નાગરિક સુરક્ષા દિને લોકો સુરક્ષિત રહે એવી અભ્યર્થના.

**ગોડાદરા,સુરત - પ્રવીણ પરમાર**

## ‘તારણહાર’

કોઈ સંકટ અથવા મુશ્કેલીમાંથી જે વ્યક્તિ ઉગાર કરે તેને તારણહાર કહેવાય છે. મારનાર કરતાં તારનાર મહાન હોય છે – આ સનાતન સત્ય છે. ફિલ્મી દુનિયામાં પણ એવો જ એક પ્રસંગ બન્યો હતો. મહાન શો-મેન અભિનેતા અને દિગ્દર્શક રાજકપુર અને નરગીસ ની જોડી એક સમયમાં અત્યંત લોકપ્રિય હતી. 1970માં રાજ કપૂરે ‘ મેરા નામ જોક્કર’ ફિલ્મ બનાવી. ફિલ્મ ઊંચા વિચારો અને કલાત્મક મૂલ્યો ધરાવતી હતી, પરંતુ તે સમયના પ્રેક્ષકો તેને સમજી શક્યા નહોતા, પરિણામે ફિલ્મ નિષ્ફળ ગઈ. આ નિષ્ફળતાને કારણે રાજ કપૂર ભારે દેવામાં ડૂબી ગયા. આર.કે. સ્ટુડિયો અને તેમનો બંગલો પણ ગીરવે મૂકવાની પરિસ્થિતિ આવી. આ મુશ્કેલ સમયમાં તેમના જૂના મિત્ર અને પ્રખ્યાત અભિનેતા પ્રાણ એ તેમને આર્થિક મદદ કરી. ત્યારબાદ રાજ કપૂરે 1973માં નાની બજેટની ફિલ્મ ‘ બોબી ‘ બનાવી. આ ફિલ્મ દ્વારા તેમણે પોતાના પુત્ર રિશીકપુર ને લોન્ચ કર્યો અને નવી અભિનેત્રી ડિમ્પલ કાપડિયાને નાયિકા તરીકે પસંદ કરી.

‘બોબી’ સુપરહિટ સાબિત થઈ અને રાજ કપૂરનું મોટાભાગનું દેવું ચૂકવાઈ ગયું. આ રીતે ‘બોબી’ તેમના જીવનમાં તારણહાર બની. ત્યારબાદ રાજ કપૂરે સત્યમ્-શિવમ-સુન્દરમ, પ્રેમરોગ અને રામ તેરી ગંગા મેલી જેવી અનેક સફળ ફિલ્મો આપી.આ પ્રસંગ આપણને શીખવે છે કે મુશ્કેલીના સમયમાં સાચો મિત્ર અને યોગ્ય તક જીવનનો સાચો તારણહાર બની શકે છે.

**તરસાડા - પ્રવિણસિંહ મહિડા**

## ભક્તોની આ કેવી ભક્તિ?

ભગવાન એટલે શું? જે ભક્તોની ખુશીમાં ખુશ થાય છે અને દુઃખ માં તેને સાથ આપે છે પરંતુ આ વાક્ય કેટલી હદ સુધી સાચું? હું વાત કરું અલથાણમાં સ્થિત શ્યામ મંદિરની જે મંદિરની સ્થાપના ચાર રસ્તા પર કરવામાં આવી છે. ઘણાં ભક્તો આ મંદિરમાં દર્શન કરવા માટે જાય છે અને ખાસ કરીને જ્યારે અગિયારસ હોય છે ત્યારે આ ભક્તોની સંખ્યા ઘણી વધારે હોય છે. જ્યારે નો પાર્કિંગમાં વાહન પાર્ક કરવામાં આવે છે ત્યારે તે વાહનોને રસ્તા પરથી ઊંચકી લેવામાં આવે છે અને ઘણી વખત તો વાહનો નો પાર્કિંગમાં નહીં હોય અને ઘણું અંદરથી મૂકવામાં આવ્યું હોય ત્યારે પણ લઈ જવામાં આવે છે તો જ્યારે ચાર રસ્તા પર આ રીતે વાહનો મૂકવામાં આવે છે ત્યારે શા માટે આ વાહનોને લઈ નથી જવામાં આવતાં કેમ કારણ કે તેઓ ભક્તો છે અને દર્શન કરવા માટે આવે છે? આ ક્યાંનો ન્યાય? જો નિયમ દરેક વ્યક્તિ માટે સરખો હોય છે તો આ રીતે વાહનોને ચાર રસ્તા પર પાર્ક કરવાની પરવાનગી કઈ રીતે આપવામાં આવે છે જેને લીધે બીજા લોકોને તકલીફ પડે. શું જે રીતે ભક્તો બીજા વ્યક્તિને તકલીફમાં મૂકીને ભગવાનનાં દર્શન કરવા જાય છે તો આ રીતે ભગવાન તે ભક્તોને આશીર્વાદ આપે ખરો? બીજાં લોકો જે સવારે કામ પર જતાં હોય અને ભણવા માટે જતાં હોય અને અકસ્માત થાય તો એનો જવાબદાર કોણ? ભગવાન કે તે વ્યક્તિ જે કામ પર જઈ રહ્યો છે!

**સુરત - નિશી ગાંધી**

## મહિલાઓએ ધૂળેટી રમવાથી દૂર રહેવું હિતાવહ છે

હોળીના બીજા દિવસને ધૂળેટી તરીકે ઉજવવામાં આવે છે. ધૂળેટીના દિવસે લોકો એકબીજા ઉપર રંગ, કેસૂડો તથા અબીલ કે ગુલાલ છાંટીને ભારે ધૂમધામ કરે છે. અગાઉના જમાનામાં લોકો માત્ર કેસૂડાનો રંગ એકબીજા ઉપર છાંટીને ધૂળેટી રમતાં હતાં.જ્યારે આજે ધૂળેટીનું સ્થાન સિન્થેટીક તેમજ ઓઈલ પેન્ટ કલરે લઈ લીધું છે. આના કારણે ન કેવળ દિવસો સુધી કલર જતો નથી, પરંતુ એની આડઅસરો બહોળા પ્રમાણમાં જોવા મળે છે. આવા રંગો કોઈની આંખમાં કે કાનમાં જતા રહે તો આંખ ગુમાવવાનો કે શ્રવણશક્તિ હણાઈ જવાનો ખતરો રહે છે. ઘણાંને ચામડીના રોગો જેવા કે ખસ, ખુજલી, ખંજવાળ કે ચાંદાં પડવાની સમસ્યાઓ પણ ઊભી થાય છે. માટે દરેક વ્યક્તિએ આવાં હાનિકારક તથા રસાયણયુક્ત રંગોથી ધૂળેટી રમવાનું ટાળવું જોઈએ. ધૂળેટી રમવાના બહાને ઘણાં વિકૃત માનસ ધરાવતાં તત્ત્વો મહિલાઓનાં અંગ ઉપાંગ સાથે છેડછાડ કરવાની કુચેષ્ટા કરે છે. આ કારણે મહિલાઓએ ધૂળેટી રમવાથી દૂર રહેવું હિતાવહ છે. ધૂળેટીના દિવસે ઘણાં લોકો ભાંગનું સેવન કરે છે તો ઘણાં લોકો મદિરાપાન કરતાં જણાય છે અને છાકટા બની સડકો ઉપર બેફામ રીતે રખડ્યા કરે છે.આમ જે પર્વ સાદાઈથી ઉજવવું જોઈએ એની જગ્યાએ બિભત્સતા ધારણ કરી લે છે. આમ સામાજિક તહેવાર એક પ્રકારનું દૂષણ બની જાય છે.

**હાલોલ - યોગેશભાઈ આર જોશી**

## સંત સેવાની અનોખી સુવાસ

થોડાં વર્ષો પૂર્વે, ભાથીજી સંપ્રદાયના વડપણ હેઠળ, ભજન સત્સંગના કાર્યક્રમમાં ધુલિયા શહેર પાસેના ચૌગામ ગામે જવાનું થયેલું. ચા-પાણી, ભોજન, પ્રસાદ ઈત્યાદિ સહજ સેવા-સરભરા સિવાય એક વિશિષ્ટ સેવાનાં સંભારણાં વાચકો સમક્ષ વર્ણવતાં આનંદ અનુભવું છું. સવારે -ચા-પાણી પત્યા પછી સ્નાન માટે બાથરૂમમાં એક સ્વયંસેવક નવરાવવા હાજર! શહેરી વિસ્તારને બાદ કરતાં પછાત વિસ્તારનાં ગામડાંઓમાં મહદ્ અંશે સંયુકત પરિવારમાં પતિ-પત્ની ઘરવાળી-પત્ની બાથરૂમમાં પાણીની ડોલ મૂકી આપે તો ભયો-ભયો, બા, મારો હાથ બરડા પછવાડે જતો નથી જરા સાબુ લગાડી ઘસી ના આપે? ઘરવાળી બાથરૂમના બારણે ઊભી જ હોય, તરત જ તાડૂકે- છોરાં-છોરીયુંનો નાસ્તો તૈયાર કરવાનો, વાસણ ઉસેટવાનાં, વળી દશેક વાગે તમે બૂમ પાડશો-બચૂની બા, મારું ટિફિન તૈયાર છે કે? જો તમને નવરાવવા જઈશ તો આ બધાં વૈતરાં કરવા મારો કયો બાપ આવવાનો છે? તમારે વધારે સેવા જોઈતી હોય તો કોઈ બીજી હગલી શોધી કાઢજો! લાગલો જ પતિદેવ વળતો જવાબ આપે-તૂં કહેતી હોય તો એક-બે જણી તૈયાર જ છે, તેડી મંગાવુ ? પત્ની જરા ક્ષોભીલી થઈને હે-બચૂના બાપા, આ તો ગુસ્સામાં ને ગુસ્સામાં કહેવાઈ ગયું, સાચું ના માનતા. એકાદ-બે જણી અહીં આવી જશે તો વળી રામાયણનો નવો અધ્યાય શરૂ થઈ જશે!

**કાકડવા - કનોજ મહારાજ**